BUSINESS મિત્ર

ઇરાન-અમેરિકા તણાવ વધવાના ડરે શેરબજાર ધ્રુજ્યું

નિફ્ટી 23200ની નીચે, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2 લાખ કરોડનો ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11 : ભારતીય શેરબજારમાં આજે બીએસઇ વીકલી એક્સપાયરી હોવાથી બજારમાં બેઉતરફી વધઘટનો માહોલ જોવાયો હતો, બજારના સેશનના અંતિમ તબક્કામાં ઇરાને અમેરિકા સામેના યુદ્ધનુ ફરીથી બ્યુગલ વગાડ્યું છે અને આ વખતે અમેરિકાના બદલે મીડલ ઇસ્ટ તરફ હુમલા કરવાની ધમકી આપતા રોકાણકારોના સેન્ટિમેન્ટમાં ફરીથી ગભરાટ ફેલાયો હતો. જેના લીધે નિફ્ટી 23200ની સપાટી તોડી નાખી હતી. અને રોકાણકારોની સંપત્તિને રૂ. બે લાખ કરોડનું નુકશાન થયું હતું.

સેક્ટર વાઇઝ જોઇએ તો આઇટી, કન્ઝયુમર ડયુરેબલ્સ અને એફએમસીજી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મીડિયા, ફાર્મા અને ખાનગી બેન્ક શેરોમાં વધારો થયો હતો. બ્રોડર માર્કેટમાં પણ પાછળથી વેચવાલી હાવી રહી હતી.

બીએસઇ સેન્સેક્સ 150.63 પોઇન્ટ એટલે કે 0.2 ટકા ઘટીને 73832.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં 74394 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 73518 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 53.35 પોઇન્ટ એટલે કે 0.23 ટકા ઘટીને 23161.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23327 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23072 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 76.45 પોઇન્ટ વધીને 55176.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે નીવા બુપા હેલ્થ ઇન્સ્યોરેન્સમાં 39.73 ગણા, મેરીકો લિ.માં 13.5 ગણા, આવાસ ફાઇ.માં 7.71 ગણા, બ્લુ જેટ હેલ્થકેરમાં 7.5 ગણા, કોહાન્સ લાઇફસાયન્સીસમાં 6.1 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એજીસ લોજીસ્ટીકમાં 15.67 ગણા, બ્લુજેટ હેલ્થકેરમાં 9.96 ગણા, હોનાસા કન્ઝયુમરમાં 8.8 ગણા, ડોમ્સ ઇન્ડ.માં 7.86 ગણા, આવાસ ફાઇ.માં 5.41 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ નબળું પ્રદર્શન કરતા જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.83 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.72 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 1386 શેરો વધ્યા હતા, જ્યારે 2800 શેરો ઘટ્યા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.62 ટકા ઘટ્યા હતા. જે છેલ્લા સાત ટ્રેડિંગ સેશનમાં 11.64 ટકા ઘટ્યા હતા. જેમાં ઇન્ફોસીસ, ઓરેકલ ફાઇ. સર્વિસીસ સોફટવેર, એચસીએલ ટેકનો, ટેક મહિન્દ્રા, પરસીસ્ટન્ટ સીસ્ટમ, વિપ્રો, ટીસીએસ, એમફાસીસ અને કોફોર્જ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફયુચર 402 પોઇન્ટ સુધર્યો હતો, જેના લીધે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવા સંકેત રહ્યા હતા. જેના લીધે યુરોપિયન બજારોમાં તણાવ જોવા મળ્યું હતું. ઇસીબી દ્વારા વ્યાજદર વધવાની સંભાવના છે. જ્યારે યુએસ અને ઇરાન વચ્ચે વધતા તણાવના કારણે જોખમની ભૂખને નિયંત્રણમાં રાખવામાં આવી હતી. યુએસ અને ઇરાન તણાવને નવીકરણ કર્યા પછી વોલસ્ટ્રીટના વેચાણ દ્વારા રોકાણકારોના સેન્ટિમેન્ટને ઘટાડવામાં આવ્યા હોવાથી એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.91 ટકા, કેક 0.85 ટકા અને ડેક્સ 0.06 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારમાં નીક્કી 0.10 ટકા, હેંગસેંગ 0.79 ટકા, તાઇવાન 0.18 ટકા, જકાર્તા 0.28 ટકા અને શાંઘાઇ 0.16 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે કોસ્પી 0.43 ટકા અને સ્ટ્રેઇટસ 0.59 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

કરન્સી બજાર- ડોલર ઇન્ડેક્સ 100ને પાર, ડોલર 48 પૈસા ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11: મીડલ ઇસ્ટમાં તણાવ વધતો રહ્યો હોવાથી ડોલર ઇન્ડેક્સ 100ને પાર નીકળી ગયો છે. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 48 પૈસા તુટીને 95.76ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.28ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.06, પાઉન્ડ 127.68, કેનેડિયન ડોલર 68.40, ઓસ્ટ્રેલિયન ડોલર 67.03, જાપાનીઝ યેન 0.5965 અને સીંગાપોર ડોલર 74.23ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.76 રૂ.
યુરો	110.06 રૂ.
પાઉન્ડ	127.68 રૂ.
યેન	0.5966 રૂ.

સેન્સેક્સ	-150.53	73832.55
નિફ્ટી	-53.35	23161.60
બેન્ક નિફ્ટી	76.45	55176.75

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ICICIબેન્ક	1.83	1317.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.64	1000.90
કોટક મહિન્દ્રા બેન્ક	1.35	393.35
જેએસડબલ્યુ સ્ટીલ	0.98	1282.30
ગ્રાસીમ ઇન્ડ.	0.60	3089.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.68	1114.60
એચસીએલ ટેકનો	1.93	1110.20
ઇટર્નલ	1.92	235.20
અદાણી પોર્ટસ	1.87	1787.10
ટ્રેન્ટ	1.59	2710.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ICICI બેન્ક	1.87	1317.40
મહિન્દ્રા-મહિન્દ્રા	1.67	3001.20
કોટક મહિન્દ્રા બેન્ક	1.11	392.30
સન ફાર્મા	0.65	1798.80
ભારતી એરટેલ	0.38	1782.15

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.71	1114.00
એચસીએલ ટેકનો	1.95	1110.00
અદાણી પોર્ટસ	1.91	1787.30
ઇટર્નલ	1.82	235.25
બજાજ ફાઇનાન્સ	1.56	870.30

અયોધ્યાના રામ મંદિરના ભંડારમાંથી કરોડો રૂપિયા કોણ ચોરી ગયું?



અયોધ્યામાં બાંધવામાં આવેલું રામ મંદિર વિશ્વનાં કરોડો હિન્દુઓની આસ્થાનું કેન્દ્ર છે. આ રામ મંદિર બાંધવા માટે સંખ્યાબંધ ભક્તોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે અને શ્રીમંતોથી લઈને ગરીબ ભક્તો દ્વારા અબજો રૂપિયાનું દાન પણ આપવામાં આવ્યું છે. રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા થયા પછી ભક્તોનો પ્રવાહ પણ નિરંતર વધી રહ્યો છે અને લાખો ભક્તો દ્વારા દાનપેટીઓમાં કરોડો રૂપિયા ઉપરાંત સોનું, ચાંદી, હીરા, માણેક, રત્નો વગેરેનું દાન પણ કરવામાં આવી રહ્યું છે. જો આ દાનપેટીઓમાંથી કરોડો રૂપિયાની ચોરી કરવામાં આવે અને તે ચોરી કરનારાં લોકો મંદિરના વહીવટમાં ટોચના સ્થાને બેઠેલા હોય તો તે કેટલો ગંભીર અપરાધ કહેવાય? તાજેતરમાં અયોધ્યાના રામ મંદિરના ભંડારમાંથી વહીવટદારોના વિશ્વાસુ માણસો દ્વારા જ કરોડો રૂપિયાની ચોરી કરવાની માહિતી બહાર આવી છે, પણ ઉત્તર પ્રદેશની ભાજપ સરકાર આ ચોરોને જેલમાં ધકેલી દેવાને બદલે તેમને છાવરવાની કોશિશ કરી રહી હોય તેવું લાગે છે.

રામ મંદિરમાં ભંડારમાં આવતાં દાનની ગણતરી કરતી ટીમના ભૂતપૂર્વ ઇન્ચાર્જ હોવાનો દાવો કરતા મહિપાલ સિંહનું એક વીડિયો સ્ટેટમેન્ટ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે. વીડિયોમાં તેમણે વર્ણવ્યું હતું કે કેવી રીતે તેમણે બેંક અધિકારીઓની એક ટીમને બોક્સમાં નોટો મૂકતી વખતે ચોરી કરતાં પકડી હતી. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ચોરીનો આરોપ લગાવતી એક નવી પોસ્ટ સોશ્યલ મીડિયામાં વહેતી કરી છે. તેમાં તેમણે મહિપાલ સિંહના નિવેદનનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં લગભગ ૮૦-૮૫ કરોડ રૂપિયા દાનમાં આવ્યા હતા. તેમાંથી કેટલા બેન્કમાં જમા થયા અને કેટલા ચોરાઈ ગયા, તેનો પત્તો મળતો નથી. મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે તેમના સ્પષ્ટીકરણમાં ફક્ત ઓડિટનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે કોઈ સમસ્યા બહાર આવી નથી. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાને આ બાબતની તપાસ સોંપવામાં આવી હોવાના અહેવાલો પણ છે.

રામ મંદિરની દાન ગણતરી ટીમના ભૂતપૂર્વ એકાઉન્ટિંગ ઓફિસર રાજસ્થાનના મહિપાલ સિંહે ગણતરી પ્રક્રિયામાં ચોંકાવનારી ગેરરીતિઓનો ખુલાસો કર્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં તેમણે ખુલાસો કર્યો છે કે ગણતરી પ્રક્રિયા દરમિયાન વાઉચરમાં બોક્સમાં નોટોના ૧૦ બંડલ લખવામાં આવતા હતા, જ્યારે બેંક કર્મચારીઓએ બોક્સમાં ૧૩ બંડલ મૂક્યા હતા. જ્યારે તેમને આ વિસંગતતાનો ખ્યાલ આવ્યો ત્યારે તેમણે બોક્સમાં બંડલ તપાસ્યા અને ૧૦ ને બદલે ૧૩ બંડલ મળ્યા હતા. આ કૌભાંડ કેટલા સમયથી ચાલી રહ્યું હતું તેની તપાસ કરવા માટે તેમણે ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને ગોપાલ રાવને જાણ કરી હતી. બાદમાં, અન્ય ટ્રસ્ટીએ દાન તપાસવા અને ગણતરી કરવા માટે બે વધુ લોકોને સોંપ્યા હતા. તેમણે વધુ ખામીઓ તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે ચોંકાવનારી વાત કરી કે દાનપેટીમાં જે સોનું, ચાંદી વગેરે નીકળે તેનું કોઈ વાઉચર બનાવવામાં આવતું નથી પણ તે સીધું રામ મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયને સોંપી દેવામાં આવે છે. મહિપાલ સિંહ દ્વારા આ ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામાં આવ્યો ત્યારે તેમની પીઠ થાબડવાને બદલે તેમને ફરજ પરથી દૂર કરવામાં આવ્યા હતા.

ગણતરી સાથે સંકળાયેલાં સૂત્રોએ મંદિર ટ્રસ્ટ દ્વારા દાનની ગણતરી કરવા માટે કરવામાં આવેલી વ્યવસ્થાની સંપૂર્ણ વિગતો આપી છે. રામ મંદિર સંકુલનાં ૧૫ મંદિરોમાં કુલ ૪૪ દાન પેટીઓ મૂકવામાં આવી છે. આ ઉપરાંત ટ્રસ્ટની બે કચેરીઓમાં પણ દાન જમા કરવામાં આવે છે, જ્યાં તેમને કમ્પ્યુટરાઇઝ્ડ રસીદો

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

મળે છે. બે સુરક્ષા ગાર્ડ અને આશરે આઠ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ પૈસાની ગણતરી કરવામાં આવે છે. આ ગણતરી પ્રણાલીમાં ૪૦ બેંક કર્મચારીઓ અને મંદિર ટ્રસ્ટના પાંચ અધિકૃત પ્રતિનિધિઓ સામેલ હોય છે. એવું જાણવા મળ્યું છે કે દરરોજ આશરે ૩૦ લાખ રૂપિયાની ગણતરી કરવામાં આવે છે. દર મહિને સરેરાશ ૮-૯ કરોડ રૂપિયાનું દાન એકત્રિત કરવામાં આવે છે. દાનની ગણતરી કરવાના વાતાનુકૂલિત હોલમાં નોટો છટણી કરવા માટે બે ઓટોમેટિક મશીનો લગાવવામાં આવ્યાં છે. આ મશીનો ઝડપથી ચલણી નોટોની છટણી કરી શકે છે. ત્યાર બાદ ગણતરી ટીમ નોટોને બંડલમાં મૂકે છે અને બંડલોને આઠ બોક્સમાં મૂકેલી બેગમાં સીલ કરવામાં આવે છે. ત્યાર બાદ બેંકનાં કર્મચારીઓ ક્રમિક રીતે ગણતરી કરે છે અને તેમને બેંકનાં ખાતાંમાં જમા કરાવે છે. ગણતરી ટીમનાં સભ્યોને હોલમાં પ્રવેશતાં અને બહાર નીકળતાં તપાસવામાં આવે છે. આટલી ચોકસાઈ સાથે દાનની ગણતરી થતી હોવાથી અંદરના માણસ સિવાય ચોરી થઈ શકે તેમ જ નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે ગણતરી ટીમના સભ્યોની તપાસ કરવા માટે હજુ સુધી કોઈ પોલીસ કે અન્ય તપાસ ટીમો ગણતરી હોલમાં પ્રવેશી નથી.

શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં દાનની ચોરીનો મામલો પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) સુધી પહોંચ્યો છે. ભાજપના નેતા રજનીશ સિંહે પ્રધાનમંત્રીને ફરિયાદ કરતો પત્ર મોકલ્યો છે. તેમણે જણાવ્યું હતું કે શ્રી રામ મંદિર લાખો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે અને તેથી દાન, પ્રસાદ અને મંદિર વહીવટ સંબંધિત કોઈ પણ આરોપોની પારદર્શક તપાસ જરૂરી છે. જો આરોપો ખોટા હોય તો તપાસ દ્વારા સત્ય બહાર આવવું જોઈએ અને જો કોઈ ગેરરીતિ થઈ હોય તો દોષિતો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે ભક્તોની શ્રદ્ધા સર્વોપરી છે અને દરેક સ્તરે તે શ્રદ્ધા જાળવી રાખવા માટે પારદર્શિતા જરૂરી છે. પરિણામે, આ મામલો હવે રાજકીય આરોપો સુધી મર્યાદિત નથી રહ્યો, પરંતુ જવાબદારી અને પારદર્શિતાના પ્રશ્નો પણ કેન્દ્રિય બની ગયા છે.

અખિલેશ યાદવે પોતાના X એકાઉન્ટ પર ત્રીજી વખત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો છે. તેને પ્રસાદચોરી કૌભાંડ ગણાવતાં તેમણે ભાજપ સરકાર અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ૧૧ પ્રશ્નો પૂછ્યા. અખિલેશ યાદવે કહ્યું કે ટ્રસ્ટીઓ શું કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે તે કોઈને સમજાતું નથી. છેતરપિંડીમાં સંડોવાયેલાં લોકોની ધરપકડના સમાચાર અખબારો અને ટી.વી. ચેનલોમાં પ્રસારિત થઈ રહ્યા છે. પોલીસ શરૂઆતમાં ચૂપ રહે છે, પરંતુ પછીથી તેનો ઇનકાર કરે છે. જનતાનો આક્રોશ જોઈને દેશભરના ભાજપના સભ્યો ગભરાઈ ગયા છે. આ બધા પાછળ કોણ છે, દેશની સનાતન આસ્થા સાથે કોણ છેડછાડ કરી રહ્યું છે? પ્રસાદચોરીનું પાપ કરનારાંઓને કોણ રક્ષણ આપી રહ્યું છે? આ ગુનામાં સામેલ લોકો કોણ છે? CCTV પુરાવા જાહેર કરવામાં શું સમસ્યા છે?

રામ મંદિરના ભંડારમાંથી ચોરીના આરોપો વચ્ચે ઉત્તર પ્રદેશ રાજ્યના ગૃહરક્ષક મંત્રી ધર્મવીર પ્રજાપતિ મંગળવારે અયોધ્યા પહોંચ્યા હતા. તેમણે રામ મંદિર દાન ભંડોળની ચોરીના આરોપો પર સપાના વડા અખિલેશ યાદવ પર નિશાન સાધ્યું હતું. મંત્રીએ કહ્યું હતું કે વિપક્ષો સત્તા મેળવવા માટે આવા આરોપો લગાવી રહ્યા છે. ચોરીના મામલાનું સત્ય ટૂંક સમયમાં બહાર આવશે. તેમણે અખિલેશ યાદવને અયોધ્યા આવીને વિકાસનાં કાર્ય જોવાની સલાહ આપી હતી.

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ અને વડા પ્રધાનના ભૂતપૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રા સોમવારે અણધારી રીતે અયોધ્યા પહોંચ્યા હતા. તેમણે બંધ બારણે બેઠક યોજી, જેમાં અનેક પ્રશ્નો ચર્ચાયા હતા. મિશ્રાએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે મંદિરની વ્યવસ્થા સાથે સંકળાયેલા મુખ્ય અધિકારીઓ સાથે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. બેઠકને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. તેની કાર્યસૂચિ અંગે કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી ન હતી. બેઠક બાદ તેઓ મંગળવારે સવારે દિલ્હી જવા રવાના થયા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

રામ મંદિરની દાન ગણતરી ટીમના ભૂતપૂર્વ એકાઉન્ટિંગ ઓફિસર રાજસ્થાનના મહિપાલ સિંહે ગણતરી પ્રક્રિયામાં ચોંકાવનારી ગેરરીતિઓનો ખુલાસો કર્યો છે

ઓટો કંપનીઓ ઇવી વિસ્તરણ પર 24 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરશે

ક્રુડના વધી રહેલા ભાવના લીધે ઇવી સ્કુટરની સાથે હવે ઇવી કારની માગમાં વધારો થશેઃ ક્રિસિલ

નવી દિલ્હી, તા. 11: ભારતમાં ઇલેક્ટ્રિક કારનો સ્વીકાર વધતા જતાં પેસેન્જર વ્હીકલ ઉત્પાદકો મોટા પાયે રોકાણની તૈયારી કરી રહ્યા છે. ક્રિસિલ રેટિંગ્સના એક અહેવાલ મુજબ, ચાલુ નાણાકીય વર્ષ અને આગામી નાણાકીય વર્ષ દરમિયાન પેસેન્જર વ્હીકલ કંપનીઓ દ્વારા પ્રસ્તાવિત 60000 કરોડ રૂપિયાના કેપેક્સમાંથી, ઇલેક્ટ્રિક વાહન વિસ્તરણ પર 24000 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થવાની સંભાવના છે.

મે 2026 સુધીના ત્રણ મહિનામાં ઇલેક્ટ્રિક ફોર-વ્હીલરનું સરેરાશ માસિક વેચાણ લગભગ 40 ટકા વધીને 26000 યુનિટ થયું છે. તેમનો બજાર હિસ્સો નાણાકીય વર્ષ 2026ની સરેરાશ 4.6 ટકાથી વધીને 6.1 ટકા થયો છે.

ક્રિસિલનું માનવું છે કે, ટૂંકા ગાળાના અવરોધો હોવા છતાં, ઇલેક્ટ્રિક કારની લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ મજબૂત છે. ઇલેક્ટ્રિક ફોર-વ્હીલર્સનું વેચાણ પાછલા નાણાકીય વર્ષમાં લગભગ 2.2 લાખ યુનિટથી વધીને આગામી નાણાકીય વર્ષ સુધીમાં 5 લાખ યુનિટ થવાની ધારણા છે. આ તેમના 8-10 ટકાના બજાર હિસ્સા સુધી પહોંચવાનો અંદાજ છે.

છેલ્લા બે નાણાકીય વર્ષોમાં, ઇલેક્ટ્રિક કાર મોડેલોની સંખ્યા બમણી થઈને લગભગ 20 થઇ ગઇ છે. આગામી નાણાકીય વર્ષ સુધીમાં આ સંખ્યા 35 થી વધુ થવાની ધારણા છે કારણ કે 15 લાખ રૂપિયાથી ઓછી કિંમતના સેગમેન્ટમાં ઘણા નવા મોડેલો લોન્ચ થવા જઇ રહ્યા છે. પ્રીમિયમ ઇલેક્ટ્રિક વાહનો હવે એક જ ચાર્જ પર 500થી 700 કિમીની રેન્જ ઓફર કરી રહ્યા છે, જ્યારે મિડ-રેન્જ મોડેલો 300થી 450 કિમી સુધી દોડી શકે છે.

રિપોર્ટ અનુસાર, પ્રોડક્ટ ઇનોવેશન અને મોટા પાયે ઉત્પાદનની કાર્યક્ષમતાને કારણે છેલ્લા બે નાણાકીય વર્ષમાં ઇલેક્ટ્રિક વાહનોની ખરીદી કિંમતમાં 10-15 ટકાનો ઘટાડો થયો છે.

જો કે, ક્રિસિલે ચેતવણી આપી છે કે ઇલેક્ટ્રિક વાહનોના વેચાણમાં વધારો કરવાનો અર્થ એ નથી કે ઓટોમેકર્સની નફાકારકતા પણ તરત જ વધશે. જોકે, ઇલેક્ટ્રિક વાહનોનું વેચાણ નજીકના ગાળામાં કંપનીઓના માર્જિન પર દબાણ લાવી શકે છે. જેમ જેમ વેચાણમાં વધારો થાય છે અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો થાય છે, તેમ તેમ માર્જિનમાં પણ ધીમે ધીમે વિસ્તરણ જોવા મળશે.

એન્થ્રોપિકના નવા એઆઇ મોડલથી આઇટી સેકટરમાં હલચલ મચી ગઇ

ભારતીય આઇટી શેરોમાં ભારે વેચવાલીનું દબાણ સાથે લાલ નિશાનમાં સરક્યું

મુંબઇ, તા. 11: આઇટી કંપનીઓના શેરોમાં આજે પણ વેચવાલીનું દબાણ રહ્યં હતું અને લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. ઓવરઓલ બજાર પાછું ફર્યુ હતું અને પોઝિટિવ રહેવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પણ આઇટી શેરોની વેચવાલીના દબાણે બજાર ઉપર પણ દબાણ લાવ્યું હતું.

વૈશ્વિક ટેક કંપનીઓના શેરોમાં નબળાઇ અને સતત મજબૂત એઆઇ મોડલ અંગે વધતી જતી ચિંતાઓના કારણે ભારતીય આઇટી શેરો વધુને વધુ તૂટી રહ્યા છે. એન્થ્રોપિકે તાજેતરમાં કલાઉટમ ફેબલ5 લોન્ચ કર્યુ હતું, જેના કારણે આઇટી સેકટરમાં હોબાળો મચી ગયો છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે, આઇટી સર્વિસ ઉદ્યોગને સંપૂર્ણપણે બદલી શકે છે. આઇટી સેકટરની દિગ્ગજ કંપનીઓ, મિડકેપ કંપનીઓને એઆઇ મોડલનું ગ્રહણ લાગ્યું છે અને વેચવાલ ચાલુ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એન્થ્રોપિકે આજરોજ કલાઉડ ફેબલ5 નામનું નવું મિથોસ કલાસ એઆઇ મોડલ રજૂ કર્યુ છે. કંપનીના જણાવ્યા અનુસાર આ મોડલ સોફ્ટવેર એન્જિનિયરીંગ અને માહિતી કાર્યની ક્ષમતામાં મોટો સુધારો બતાવશે, તે મોટાપાયે કંપનીઓને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે.

આ લોન્ચ પછી મજબૂત એઆઇ મોડેલો પહેલાથી અસ્તિત્વમાં રહેલા આઇટી ઉદ્યોગને કેટલી અસર કરી શકે છે તે વિશે ચર્ચા તીવ્ર બની ચૂકી છે અને રોકાણકારો આઇટી-ટેકનો કંપનીઓથી દૂર થવા જઇ રહી છે. બ્રોકરેજ હાઉસ પણ કહી રહ્યા છે કે, આઇટી ઉદ્યોગ 9થી 10 કવાર્ટર સુધી દબાણમાં રહી શકે છે. જેથી કંપનીનું મુલ્યાંકન કમાણી કરતા 13થી 14 ગણું ઘટી શકે છે.

વિપ્રોનો રૂ. 15000 કરોડનો બાયબેક ખુલી ગયો

કંપની રૂ. 250ના ભાવે 60 કરોડ શેર પરત ખરીદશે

મુંબઇ, તા. 11: આઇટી કંપની વિપ્રોની શેર બાયબેક ઓફર આજે 11 જુનથી ખુલ્યો છે. કંપની રૂ. 15000 કરોડ રૂપિયાનો શેર બાયબેક કરી રહી છે. આ અંતર્ગત તે તેના શેરહોલ્ડરો પાસેથી 60 કરોડ શેર પાછા ખરીદશે. રેકોર્ડ તારીખ 5 જુન, 2026 હતી. જેમના નામ આ તારીખે શેરના લાભદાયી માલિકો તરીકે કંપની અથવા ડિપોઝિટરીઝના સભ્યોના રજિસ્ટરના રેકોર્ડમાં છે તેઓ બાયબેકમાં ભાગ લેવા માટે પાત્રબનશે. આ સંદર્ભમાં વિપ્રોની બાયબેક ઓફર 17 જુને બંધ થશે. બાયબેકના મેનેજર જેએમ ફાઇ. છે. રજિસ્ટ્રાર કેફિનટેક ટેકનોલોજીસ લિ. છે. વિપ્રોના બોર્ડે 16 એપ્રિલે 2026 બાયબેક પ્રોગ્રામને મંજુરી આપી હતી. કંપનીએ બાયબેકની કિંમત શેરદીઠ રૂ. 250 નક્કી કરી છે. પ્રમોટર્સ અને પ્રમોટર જુથના સભ્યો પણ બાયબેકમાં બાગ લેવા જઇ રહ્યા છે. કંપની લગભગ 3 વર્ષ પછી શેર બાયબેક કરી રહી છે. છેલ્લુ બાયબેક જુન 2023માં કરવામાં આવ્યું હતું. તે સમયે એ 22 જુનથી 30 જુન વચ્ચે 12000 કરોડ રૂપિયાના શેર પાછા ખરીદ્યા હતા. તેણે 26.69 કરોડ ઇક્વિટી શેર હસ્તગત કર્યા હતા. બાયબેકની કિમત શેરદીઠ રૂ. 445 હતી. વિપ્રોની બાયબેક ઓફર હેઠળ, નાના શેરહોલ્ડરો માટે અનામત કેટેગરીમાં પાત્ર શેરહોલ્ડરો રેકોર્ડ તારીખ 5 જુન તેમના દ્વારા રાખવામાં આવેલા દરેક 56 ઇક્વિટી શેર માટે 11 ઇક્વિટી શેર ટેન્ડર કરી શકે છે. સામાન્ય કેટેગરીના શેરહોલ્ડરો રેકોર્ડ ડેટ પર તેમના દ્વારા રાખવામાં આવેલા દરેક 197 શેર માટે 10 ઇક્વિટી શેર ટેન્ડર કરી શકે છે.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૯૫૨૦
તેજાબી સોનું	૧૪૯૪૩૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૦૫૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૬૫૩૦
સોનાનાં બિસ્કીટ	૧૪૯૫૨૦૦
ચાંદી (૯૯૯)	૨૩૯૫૦૦
ચાંદી સિક્કા	૨૪૧૦૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૮૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૦૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૯૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૮૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૪૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૩૬૦
સરસીયું તેલ	૨૯૦૦		

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ઘંઘાકીય

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઇક. 9737166947, 8758533196

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

ઘરબેઠા TV, LCD
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

લાઈફ હિંચકાના કડાં
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

નોકરી વિષયક

જોઈએ છે
યાર્ન ફેક્ટરીમાં પેકિંગ કામકાજ માટે માણસ ઉધના-મગદલ્લા રોડ, સુરત. મો. ૯૯૨૪૦૪૦૦૮૮

લોનની કંપની માટે
ટેલીકોલર છોકરી જોઈએ છે પગાર 15000 ફુલટાઈમ location નાનપુરા સુરત. મોઃ 9586817707 (150)

જોઈએ છે
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

શિવાય પેટ્રોલિયમ
પર ફિલર જોઈએ છે સાયણ સુગરની બાજુમાં M. 9904244744 (153)

જોઈએ છે શિક્ષક
શ્રી સાંધીએર વિભાગ સાર્વ. કેળવણી મંડળ સંચાલિત શ્રી બી. આર. પરમાર વિદ્યાસંકુલ સાંધીએર, તા. ઓલપાડ, જી. સુરત નોન ગ્રાન્ટેડ શાળા માટે B.A. B.ED સંસ્કૃત વિષય માટે, Pre. PTC. માં શિક્ષિકા તથા કોમ્પ્યુટર વિષય ભણાવી શકે તેવા શિક્ષકની જરૂર છે. રસ ધરાવતા ઉમેદવારોએ લાયકાતના પ્રમાણપત્રો સાથે તાકીદે શાળાનો સંપર્ક કરવો. જગદીશભાઈ- 9825265241 કુસુમબેન- 9687551119 (154)

ભાગળ
પર દુકાનમાં પરચુરણ કામ માટે છોકરો જોઈએ છે. Mo. 9825110708

વાસ્તુ શાસ્ત્રી
તોડફોડ વગરના વાસ્તુદોષોના નિવારણ માટે 32 વર્ષના અનુભવી વાસ્તુશાસ્ત્રીને મળો.
તારીખ. 14-જુન, સુરતમાં
98981 02474

શિક્ષકો જોઈએ છે
ગુજરાતી મીડિયમ ધો.5 થી 9 માં ગણિત, વિજ્ઞાન તથા ધો. 3 થી 12 Com. ભણાવી શકે તેવા શિક્ષકો અરજી સાથે તાત્કાલિક જરૂરી ડોક્યુમેન્ટ લઈ બે દિવસમાં રૂબરૂ મળો. સમયઃ સવારે 10:00 થી 1:00 મણીબા વિદ્યાસંકુલ યમુનાપાર્ક સોસાયટી, ડભોલીરોડ, સુરત. 9925243784 (152)

રિસેપ્શનીસ્ટ અને
X-ray ટેકનીશ્યન જોઈએ છે. સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટ, આઈમાતા ચોક, પરવત પાટીયા, સુરત. મો. 9909910902

જમીન વેચવાની છે
ગામઃ-કમલાપોર, તાઃડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મોઃ9725710000

ફિઝિયોથેરાપી ક્લિનિક
માટે લેડીઝ, જેન્ટ્સ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

હોઝીયરીની માર્કેટિંગ
(jockey) માટે અનુભવી સેલ્સમેન જોઈએ છે. (ભાગળ). My Choice 9825451232

સ્ટીલ ફેબ્રિકેશન
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

વેચવાનું છે.
ROW HOUSE
(ગ્રાઉન્ડ + 1લો માળ+ ટેરેસ)
1350 Sq. Feet Carpet +
684 Sq. Feet Carpet ટેરેસ
સ્થળઃ ઓરમા રોડ, માસમા ઓલપાડ, સુરત
કિંમતઃ 38,51,000/-
(વાટાઘાટ યોગ્ય)
સંપર્કઃ 9920349040

જોઈએ છે
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

જોઈએ છે
દાંતના દવાખાનામાં મદદનીશ છોકરીઓ, પ્રાઈમ કંઝર્વેટીવ ડેન્ટલ સેન્ટર, 103- મહેરપાર્ક. બી, અઠવાગેટ, સુરત, Mo- 9924129554

ઓફિસના કામકાજ
અને એકાઉન્ટિંગ માટે કોમ્પ્યુટર પર કામ કરી શકે તેવા લેડીઝ ની જરૂર છે પાલ એરિયા 9825704800

મિલ્કત વેચવાની છે

253 વારનો
ઓપન પ્લોટ વેચવાનો છે.સંજયસોસાયટી,સોમનાથ મહાદેવ મંદિર પાસે,સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, પાર્લેપોઈન્ટ, સૂરત. 9898372704.

વેચાણથી
ચોકબજારમાં ઓફિસ, ગોપીપુરામા દુકાન, નાનપુરામાં ફ્લેટ, પરસોલીમાં પ્લોટ. મોબાઈલ. 9825821151

જમીન વેચવાની
નદી કિનારે ૨ વિઘા પિનસાડ ગામ નવસારી 9825109400

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ- મીની વીરપુર, સુરત. (ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર, ધૃષ્ણેશ્વર) (દ્વારકા, સોમનાથ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) 7802062340, 8238872861 (151)

(સાગર- 9427113317)
દમણ, ઉનાઈ સાપુતારામાં નાઈટ, (એસી બસ) શનિ, રવિ,

અયોધ્યા/ વારાણસી/
ચિત્રકુટ/ પ્રયાગરાજ. ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ દ્વારા 3 સ્ટાર કેટેગરી હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર. સાથે યાત્રાનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉ. તારીખઃ- 18-09-2026. દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (સંપર્ક- 9429507723) JOY N JOY TRAVELS, સુરત.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.